# સંક્ષિપ્ત સમાચાર

## CBSE ધો.12ની પરીક્ષામાં શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પરિણામ

સુરતઃ શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલ દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26 માટે યોજાયેલી CBSE ધોરણ 12 બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે પરીક્ષામાં 28 વિદ્યાર્થીમાંથી 10 વિદ્યાર્થીએ A1 ગ્રેડ તથા 18 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવી શાળાની સફળતામાં વધારો કર્યો છે. આર્ટ્સ પ્રવાહમાં ગુપ્તા અંશિકા પ્રમોદે 500 માંથી 492 ગુણ મેળવી 98.4% સાથે સમગ્ર શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોમર્સ પ્રવાહમાં જયદીપ પારેખે 500 માંથી 481 ગુણ મેળવી 96.2% સાથે ઉત્કૃષ્ટ સફળતા મેળવી હતી. આર્ટ્સ પ્રવાહમાં અંજુકુમારી કશ્યપે 500 માંથી 477 ગુણ મેળવી 95.4% સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. શાળા સંચાલન, પ્રિન્સિપાલ તથા સ્ટાફ દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ પટેલનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો, જેમના સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને સહકારથી સંસ્થા સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહી છે.

## માઉન્ટ લિટેરા ઝી સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવ્યા A1 અને A2 ગ્રેડ

સુરતઃ માઉન્ટ લિટેરા ઝી સ્કૂલના કુલ 36 વિદ્યાર્થીમાંથી 5 વિદ્યાર્થીએ A1 ગ્રેડ અને 6 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યા છે. કોમર્સ પ્રવાહમાં ધિયાન દેસાઈએ 95 ટકા ગુણ સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. હ્યુમેનિટીઝમાં નમ્રા મોરાડિયાએ 91.60 ટકા અને સાયન્સમાં જ્યોત ચકલાસિયાએ 82.60 ટકા ગુણ મેળવી ટોચનું સ્થાન મેળવ્યું છે. ધિયાન દેસાઈએ બિઝનેસ સ્ટડીઝ વિષયમાં 100માંથી 100 ગુણ મેળવ્યા છે.

## વાઇટ લોટસ સ્કૂલના વિદ્યાર્થીઓનું શાનદાર પ્રદર્શન

સુરતઃ વાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ CBSE 12મી સાયન્સ અને કોમર્સ પ્રવાહમાં ઉત્તમ પરિણામ મેળવ્યું છે. સાયન્સ પ્રવાહમાં દ્વિજા મયંક વાશીએ 96.2 ટકા, નવ્યા અગ્રવાલે 94 ટકા અને નીવ ચાવલાએ 93.2 ટકા ગુણ મેળવ્યા છે. નીવ ચાવલાએ બાયોલોજીમાં 99 ગુણ મેળવ્યા છે. જ્યારે કોમર્સ પ્રવાહમાં જાલક પટેલે 88.8 ટકા, ચાર્મી અગ્રવાલે 79 ટકા અને લક્ષ્ય કોઠારીએ 78 ટકા ગુણ મેળવ્યા છે. પ્રિન્સિપાલ પૂર્વિકા સોલંકીએ જણાવ્યું હતું કે સાચી મહેનત હંમેશાં ઉત્તમ પરિણામ આપે છે.

## અગ્રવાલ વિદ્યાવિહારનું પણ 100% પરિણામ

સુરતઃ વેસુ સ્થિત અગ્રવાલ વિદ્યાવિહાર સ્કૂલના વિદ્યાર્થીઓએ CBSE 12મી બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. શાળાએ સાયન્સ, કોમર્સ અને હ્યુમેનિટીઝ ત્રણેય પ્રવાહોમાં 100 ટકા પરિણામ મેળવ્યું છે. ટ્રસ્ટના અધ્યક્ષ સંજય સરાવગીએ જણાવ્યું હતું કે, આ વર્ષે 90 વિદ્યાર્થીએ 90 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે, જ્યારે 32 વિદ્યાર્થીએ વિવિધ વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

## હર્ષિત કાસટે શહેરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું



સુરતઃ એસબીઆર મહેશ્વરી વિદ્યાપીઠે CBSE બોર્ડ પરીક્ષામાં કોમર્સ સ્ટ્રીમમાં શાળાનું કુલ પરિણામ 90%, જ્યારે સાયન્સ સ્ટ્રીમમાં 81% નોંધાયું છે. કોમર્સ સ્ટ્રીમના વિદ્યાર્થી હર્ષિત કાસટેએ શહેરમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી એકાઉન્ટન્સી, બિઝનેસ સ્ટડીઝ અને એપ્લાઇડ મેથ્સમાં 100માંથી 100 ગુણ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. ખુશી જાલાને 98.4% અને અક્ષરા ખટોરે 98.2% ગુણ સાથે શાળામાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું છે. શાળાના 44 વિદ્યાર્થીએ એકાઉન્ટન્સીમાં, 10 વિદ્યાર્થીએ BSTમાં અને 4 વિદ્યાર્થીએ એપ્લાઇડ મેથ્સમાં સંપૂર્ણ ગુણ મેળવી ગૌરવ વધાર્યું છે. શહેરના ટોપ 10 વિદ્યાર્થીમાં શાળાના 9 વિદ્યાર્થીએ સ્થાન મેળવતાં શાળા પરિવાર ખુશીથી ઝૂમી ઊઠ્યો હતો. શાળાના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ અને સ્ટાફે તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શારદાયતન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું બોર્ડ પરીક્ષામાં શાનદાર પરિણામ

સુરતઃ સુરતના પિપલોદ સ્થિત શરદાયતન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવી ગૌરવ વધાર્યું છે. ધોરણ ૧૦માં ૨૩૫માંથી ૨૨૮ વિદ્યાર્થીઓ સફળ જાહેર થતાં શાળાનું પરિણામ ૯૭.૦૨ ટકા રહ્યું હતું. જેમાં ૩૦ વિદ્યાર્થીઓએ A1 અને ૭૬ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યા હતા. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૮.૦૮ ટકા પરિણામ નોંધાયું હતું, જ્યારે આર્ટ્સ પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ સાથે તમામ વિદ્યાર્થીઓ સફળ રહ્યા હતા. કોમર્સ પ્રવાહમાં ૯૫.૨૦ ટકા પરિણામ સાથે ૫ વિદ્યાર્થીઓએ A1 અને ૩૯ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકમંડળ અને વાલીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## એલ.પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સનું CBSE ધો.12માં ગૌરવસભર પરિણામ



સુરતઃ સુરતની એલ.પી.સવાણી ગૃપ ઓફ સ્કૂલએ CBSE ધોરણ 12 બોર્ડ પરીક્ષામાં ભવ્ય પરિણામ મેળવી ફરી એકવાર શૈક્ષણિક ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. જાહેર થયેલા પરિણામ મુજબ 73 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે, જ્યારે 191 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. વિશેષ ગૌરવની બાબત એ છે કે 20 વિદ્યાર્થીએ વિવિધ વિષયોમાં 100માંથી 100 ગુણ મેળવી નવો ઇતિહાસ રચ્યો છે. શાળાના ચેરમેન માવજી સવાણી, વાઇસ ચેરમેન ડો.ધર્મેન્દ્ર સવાણી અને ડિરેક્ટર પૂર્વીબેન સવાણીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. સાથે શિક્ષકોની મહેનત અને વાલીઓના સહકારને પણ બિરદાવવામાં આવ્યો હતો.

## DPSમાં 100 ટકા પરિણામ સાથે ઇપ્શિતા અગરવાલે 98.6 ટકા મેળવી સ્કૂલમાં પ્રથમ સ્થાન મેળવ્યું



સુરતઃ દિલ્લી પબ્લિક સ્કૂલ સુરત દ્વારા જાહેર કરાયેલા ધોરણ-12 CBSE બોર્ડ પરીક્ષા પરિણામમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને સ્કૂલનું ગૌરવ વધાર્યું છે. સ્કૂલનું કુલ પરિણામ 100 ટકા રહ્યું છે, જ્યારે સ્કૂલની સરેરાશ ટકાવારી 88.8 ટકા નોંધાઈ છે. આ વર્ષે કુલ 223 વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા છે. સ્કૂલમાં સર્વોચ્ચ 98.6 ટકા ગુણ મેળવી ઇપ્શિતા અગરવાલે પ્રથમ સ્થાન મેળવ્યું છે. કોમર્સ પ્રવાહમાં ઇપ્શિતા અગરવાલે 98.6 ટકા સાથે ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. સાયન્સ પ્રવાહમાં અર્પિત બાબાણીએ 96.8 ટકા મેળવ્યા હતા, જ્યારે હ્યુમેનિટીઝ પ્રવાહમાં ગ્રેસ સિંહે 96.8 ટકા મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. પરિણામના આંકડા મુજબ 223માંથી 218 વિદ્યાર્થીએ ડિસ્ટિંક્શન પ્રાપ્ત કર્યું છે, જેના ટકા 97.8 થાય છે. ઉપરાંત 204 વિદ્યાર્થીએ 80 ટકા કરતાં વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે, જ્યારે 119 વિદ્યાર્થીએ 90 ટકા કરતાં વધુ ગુણ મેળવી વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી છે. વિશેષ નોંધનીય બાબત એ રહી કે, વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં કુલ 55 વખત 100માંથી 100 ગુણ મેળવી ઉત્તમ પ્રતિભા દર્શાવી હતી.

# ડિજિટલ વસતી ગણતરી તાલીમમાં સુરતના 170 કર્મચારી ગેરહાજર

**વહીવટી** તંત્ર દ્વારા આ તમામ 170 ગેરહાજર કર્મચારીને સત્તાવાર રીતે શો-કોઝ નોટિસ ફટકારી તાત્કાલિક ખુલાસો માંગવામાં આવ્યો

સુરતઃ દેશભરમાં આગામી સમયમાં યોજાનારી પ્રથમ ડિજિટલ વસતી ગણતરીની તૈયારીઓ હાલ જોરશોરથી ચાલી રહી છે. જેના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં પણ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાંની સાથે જ ટૂંક સમયમાં વસતી ગણતરીનો વિધિવત પ્રારંભ કરવામાં આવશે. આ રાષ્ટ્રીય કામગીરીને આખરી ઓપ આપવા માટે સુરત શહેરી વિસ્તારમાં ગણતરીદારો અને સુપરવાઈઝરો માટે સઘન તાલીમ શિબિરના તબક્કાની શરૂઆત કરી દેવામાં આવી છે. જો કે, આ મહત્ત્વપૂર્ણ ફરજની શરૂઆતમાં જ કર્મચારીઓની ગેરહાજરીનો મોટો પ્રશ્ન સામે આવ્યો છે. મંગળવાર અને બુધવારના રોજ આયોજિત પ્રથમ તબક્કાની 2 દિવસની તાલીમ શિબિરમાં કુલ 3850 કર્મચારીને સાંકળી લેવામાં આવ્યા હતા. પરંતુ આ તાલીમ દરમિયાન જવાબદારી ચૂકના 170 જેટલા કર્મચારીઓ કોઈપણ પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહેતાં તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા આ તમામ 170 ગેરહાજર કર્મચારીઓને સત્તાવાર રીતે કારણદર્શક (શો-કોઝ) નોટિસ ફટકારીને તાત્કાલિક ખુલાસો માંગવામાં આવ્યો છે, તેમજ સંતોષકારક જવાબ નહીં મળવાના કિસ્સામાં ગેરહાજરીના ખુલાસાને આધીન આગામી દિવસોમાં વધુ આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કડક ચીમકી પણ આપવામાં આવી છે.

બીજી તરફ સુરત મહાનગરપાલિકા વિસ્તારની વિશાળ વસતીને આવરી લેવા માટે ડિજિટલ વસતી ગણતરીના સ્ટાફમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. પૂર્વે આ કામગીરી માટે 10,000 કર્મચારીને ફરજના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હતા, પરંતુ ભૌગોલિક વિસ્તાર અને વસતીના ભારણને જોતાં આ સ્ટાફ પર્યાપ્ત ન જણાતાં બે દિવસ પહેલા જ તાકીદે વધુ 5800 કર્મચારીની નિમણૂકના ઓર્ડર કરી દેવાયા છે. આમ, હવે સુરત શહેરમાં કુલ 15,800 જેટલા ગણતરીદાર અને સુપરવાઈઝરો આ મેગા ડિજિટલ વસતી ગણતરીની ઝુંબેશમાં જોતરાશે. વાસ્તવિક ગણતરી શરૂ થાય એ પહેલાં તમામ કર્મચારીઓ ટેક્નોલોજી અને પ્રક્રિયાથી સજ્જ બને એ માટે છેલ્લા તબક્કાની આ તાલીમનું આયોજન વ્યાપક સ્તરે કરાયું છે. આ વિશાળ સંખ્યામાં હાજર રહેનારા તાલીમાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા તાલીમ કેન્દ્ર તરીકે નિયુક્ત શાળાઓની સંખ્યા વધારીને 6 કરી દેવામાં આવી છે, તેમજ વધુ 25 વર્ગખંડનો ઉમેરો કરાતાં હવે કુલ 86 વર્ગખંડમાં આ તાલીમ પ્રક્રિયા ખૂબ જ સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવી રહી છે.

# કોસાડ આવાસમાં લાલુ ઈંગ્લિશ ગેંગનો આતંક, મહિલાઓ પર હુમલા

**વાહનોમાં** પણ તોડફોડ મચાવી, બુટલેગરની માથાકૂટનો વિડીયો વાયરલ



### પકડાયેલા આરોપીઓ

કાર્તીક ઉર્ફે પીન્ટુ ગૌતમભાઇ રાઠોડ ઉ.વ ૨૨ ધંધો.કેટરસ (રહે.કોસાડ આવાસ), ચિરાગ સતિષભાઇ રાઠોડ (રહે. નં ૪૫/બી/૧૭કોસાડ આવાસ એચ-૧), રાહુલ ઉર્ફે બટાકુ મીઠાભાઇ પારઘી (રહે.૩૧/બી/૧૨ કોસાડ આવાસ એચ-૧, મુળવતન-ભુંભલી જી.ભાવનગર), રોનક વિનોદભાઇ રાઠોડ (રહે. ૪૩/એ/૧૪ કોસાડ આવાસ એચ-૧, મુળવતન પુન, જી.ભરૂચ), અલ્પેશ સંજયભાઇ વસાવા (રહે. ૩૯/બી/૮ કોસાડ આવાસ એચ-૧), વિક્કી ભુરીયા સોનવણે (રહે. ૪૧/એ/૧ કોસાડ આવાસ અમરોલી), પરેશ મીઠાભાઇ પારઘી (રહે. ૩૧/બી/૧૨ કોસાડ આવાસ, મુળવતન-ભુંભલી જી.ભાવનગર), અરમાન સુરેન્દ્રભાઇ પરીડા (રહે. નં ૫/એ/૨૨ કોસાડ આવાસ, અમરોલી)

સુરતઃ કોસાડ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ કુખ્યાત બુટલેગર લાલુ ઈંગ્લિશ અને તેની ગેંગે રવિવારની રાત્રે ભારે આતંક મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, કોસાડના H1 આવાસમાં લાલુ ઈંગ્લિશ તેની ગેંગના સાગરીતો સાથે ધસી આવ્યો હતો. અંગત અદાવત કે વર્ચસ્વ જમાવવાના ઇરાદે આ ટોળકીએ આતંકનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું. ગેંગના સભ્યોએ હાથમાં પ્રાણઘાતક હથિયારો સાથે રહીને સ્થાનિક રહીશોને ધમકાવ્યા હતા. બચાવવા વચ્ચે પડેલી મહિલાઓ પર પણ રહેમ રાખ્યા વગર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ લોકોને નાની-મોટી ઇજાઓ પહોંચી હતી.

મારપીટ બાદ આ ટોળકીએ આવાસના પ્રાંગણમાં પાર્ક કરેલી રિક્ષાઓ અને બાઈકો પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. લોકો જીવ બચાવવા ઘરોમાં ભરાઈ ગયા હતા. સ્થાનિકોમાં ચર્ચા છે કે લાલુ ઈંગ્લિશ ગેંગને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. "અમરોલી પોલીસને ખુલ્લો પડકાર" ફેંકતા હોય તેમ શખ્સોએ આતંક મચાવ્યો હતો. વાયરલ વીડિયોમાં શખ્સો ગાળાગાળી કરતા અને હથિયારો લહેરાવતા દેખાય છે. અમરોલી પોલીસે 8ને પકડી પાડ્યા છે.

## ચોરી કરવા નોકરી કરતો, 4 વર્ષમાં 6 જગ્યાએ ચોરી કરનાર રીઢો ઝડપાયો

સુરતઃ ચોરી કરવા માટે નોકરીએ લાગનારા રીઢા તસ્કરને સરથાણા પોલીસની ટીમે પકડી પાડ્યો હતો. જેણે રોકડા રૂ.1.80 લાખ તેમજ રૂ.60 હજારના કિંમતનાં બાઈકની ચોરી કરી હતી. આ તસ્કરે નોકરના રૂપમાં ચાર વર્ષમાં છ સ્થળે ચોરી કરી હતી. જે એક વખત પાસા તળે જેલમાં પણ જઈ ચૂક્યો હતો. વીઆઈપી કન્સલ્ટન્સીનો નોકર પ્રેમ વિનોદભાઈ સંચેતી (ઉ.વ.26, રહેઃ દીનબંધુ સોસાયટી, ભટાર, મૂળ રાજસ્થાન)ને પોલીસે સીસીટીવી કેમેરાના આધારે પ્રેમને ન્યૂ ભટાર હળપતિ આવાસમાંથી પકડી પાડ્યો હતો. પોલીસની તપાસમાં બહાર આવેલી વિગત મુજબ પ્રેમ દોઢેક મહિના પહેલાં કામે લાગ્યો હતો. જેને નાણાં કલેક્શનનું કામ સોંપવામાં આવ્યું હતું. જે દિવસે રૂ. 1.80 લાખ જેવી મોટી રકમ હાથમાં આવી તે દિવસે પલાયન થઈ ગયો હતો.

### માજી પ્રમુખોને કારણે ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણી વિવાદી બની

# સીએ મોદીના વિરોધ છતાં ચૂંટણી કમિટી દ્વારા વિથડ્રોઅલ ફોર્મ મંજૂર

**નીતિન** ભરૂચાએ ફોર્મ ખેંચવાની ખાતરી આપી ફોર્મ નહીં ખેંચતા મયૂર ગોળવાલાએ ટેકો ખેંચવાની અરજી કરી સાંકેતિક વિરોધ નોંધાવ્યો

### માજી પ્રમુખોના રાજકીય દાવપેચથી છેતરાયેલા મિતીષ મોદીનું ટ્રેઝરર પદેથી નારાજીનામું

માજી પ્રમુખોના રાજકીય દાવપેચથી છેતરાયેલા મિતીષ મોદીનું ટ્રેઝરર પદેથી નારાજીનામું ધરી દીધું હતું. તેમના સમર્થકોએ ગુજરાત હાઇકોર્ટ જવા લીગલ ઓપિનિયન મેળવી આગળની ચર્ચા કરી હતી.

સુરતઃ ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં સભ્યોને બદલે માજી પ્રમુખોએ મતદાન કરી બહુમતીથી બે પૈકી એક ઉમેદવાર નક્કી કરતાં થયેલા બખેડામાં સીએ મિતીષ મોદીની વિથડ્રોઅલ ફોર્મ જમા નહીં ગણવાની રજૂઆત છતાં તેને ચૂંટણી કમિટી દ્વારા મંજૂર કરાવી દેવાયું હતું. બીજી તરફ નીતિન ભરૂચાના ટેકેદાર તરીકે મયૂર ગોળવાલાએ રવિરાજ દેસાઈ ટેક્સટાઈલ ઉદ્યોગમાંથી હોવાથી નીતિન ભરૂચાને ઉમેદવારી પરત ખેંચી લેવા સમજાવ્યા હતા પણ તેઓ નહીં માનતા ટેક્સટાઈલ ઉદ્યોગકારોના દબાણને પગલે તેઓએ નીતિન ભરૂચાને આપેલો ટેકો પરત ખેંચવાની અરજી આપી હતી. એ ચૂંટણી કમિટિએ ગ્રાહ્ય રાખી ન હતી.

ચૂંટણી કમિટીનું કહેવું હતું કે, માન્ય ઉમેદવારોની યાદી જાહેર થયા પછી દરખાસ્ત મુકનાર કે ટેકેદાર ખસી જાય તો પણ ઉમેદવારને ડિસ્કવોલિફાઇ ઠેરવી શકાય નહીં. મયુર ગોળવાલાએ કહ્યું હતું કે તેઓ આગામી વર્ષ માટે તેઓની દાવેદારી યથાવત રહે એ માટે ઔપચારિકતા ખાતર ફોર્મ ભરી રહ્યાં છે. તેઓ સર્વસંમત ઉમેદવાર નક્કી થશે ત્યારે ફોર્મ ખેંચી લેશે એવી ખાતરીનું ભરૂચાએ પાલન કર્યું નથી. એટલે વચન ભંગ સામે સાંકેતિક વિરોધ નોંધાવવા તેઓએ આ અરજી આપી હતી.

# યુવાન ઊંઘી જતાં ઉઠાડવા માટે ફાયર બ્રિગેડ બોલાવવી પડી

**કતારગામમાં** એસી ચાલુ કરી બેડરૂમમાં સૂઈ ગયેલા યુવકને જગાડવા ફાયરે દરવાજો તોડ્યો

સુરત : શહેરના કતારગામ વિસ્તારમાં એક અનોખી ઘટના સામે આવી હતી, જેમાં યુવકની ઘસઘસાટ ઊંઘને કારણે પરિવારજનો તેમજ ફાયર વિભાગના જવાનો દોડતા થઈ ગયા હતા.

પૂજા એપાર્ટમેન્ટમાં રહેતો 25 વર્ષીય જયદીપ ચાવડા સાંજે કામ પરથી ઘરે આવી પોતાના બેડરૂમમાં એસી ચાલુ કરીને સૂઈ ગયો હતો. સમય પસાર થવા છતાં જયદીપ બેડરૂમમાંથી બહાર ન આવતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. તેમણે અનેકવાર દરવાજો ખટખટાવ્યો, બૂમો પાડી અને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહોતો. જેના કારણે કોઈ અનિચ્છનીય ઘટના બની હોવાની ભીતિ વચ્ચે પરિવારજનોએ ફાયર કંટ્રોલ રૂમમાં મદદ માટે જાણ કરી હતી.

માહિતી મળતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ જવાનોએ બેડરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

આશ્ચર્યની વાત એ રહી કે અંદર જયદીપ ઘસઘસાટ ઊંઘમાં સૂતો હતો. ફાયર જવાનોએ તેને ઊંઘમાંથી જગાડ્યો ત્યારે સમગ્ર ઘટનાનો ખુલાસો થયો હતો. સબ ફાયર ઓફિસર દિનુ પટેલના જણાવ્યા અનુસાર યુવક એટલી ગાઢ નિંદ્રામાં હતો કે પરિવારજનોના અવાજો છતાં તેની આંખ ખુલતી નહોતી. ઘટનાને લઈને વિસ્તારમાં પણ થોડો સમય ઉત્સુકતા અને ચર્ચાનો માહોલ સર્જાયો હતો.

# ઈંધણ બચાવો: સૂચના માટે મનપા કચેરીએ સાઉન્ડ સિસ્ટમ લગાડાઈ

**ભવિષ્યમાં** આ સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ મનપાની અન્ય જાહેર સૂચનાઓ માટે પણ કરાશે

સુરતઃ ઈંધણ બચાવવાના અભિયાનમાં સહભાગી થાય તે માટે સુરત મનપાની મુખ્ય કચેરીએ એનાઉન્સમેન્ટ સિસ્ટમ લગાડવામાં આવી છે. આ સિસ્ટમનો ઉપયોગ અન્ય સૂચનાઓ આપવા માટે પણ કરાશે. મનપામાં આજે ઓફિસ સમય પૂર્ણ થવાના આરે હતો ત્યારે સાંજે અંદાજે 6:10 વાગ્યે, તમામ કર્મચારીઓ જ્યારે ઓફિસ પરથી છૂટીને ઘરે જવા રવાના થઈ રહ્યા હતા, બરાબર એ જ સમયે સ્પીકર સિસ્ટમ દ્વારા એક સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. એનાઉન્સમેન્ટમાં જણાવ્યું હતું કે, સરકારી વાહનોનો ઉપયોગ માત્ર અધિકૃત, આવશ્યક અને કાર્યલક્ષી કામગીરી માટે જ કરવો તેમજ એક જ સ્થળે કે રૂટ પર જનારા અધિકારીઓ અને કર્મચારીઓએ શક્ય હોય ત્યાં સુધી સંયુક્ત વાહન વ્યવસ્થા (વ્હીકલ પુલિંગ) ફરજિયાત અપનાવવી. આ ઉપરાંત, વાહન જ્યારે લાંબા સમય સુધી ઊભું હોય ત્યારે એન્જિન ચાલુ ન રાખવા અને ટૂંકા અંતરના પ્રવાસ માટે પગપાળા, સાયકલ અથવા જાહેર પરિવહનનો ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી. સમીક્ષા બેઠકો અને મિટિંગો માટે શક્ય હોય ત્યાં સુધી વિડીયો કોન્ફરન્સ અથવા ઓનલાઈન માધ્યમનો જ ઉપયોગ કરવો. ઓફિસોમાં વીજળી, એસી, લાઈટ અને કમ્પ્યુટર જેવા સાધનોનો ઉપયોગ જરૂરી હોય ત્યારે જ કરવા અને કાર્ય પૂર્ણ થયા બાદ તમામ વીજ ઉપકરણો બંધ રાખવાની ખાસ તાકીદ કરવામાં આવી હતી. આ નવી સ્પીકર સિસ્ટમનો ઉપયોગ ભવિષ્યમાં પણ આવી જાહેર સૂચનાઓ, વહીવટી નિર્ણયો અને અન્ય અનેક પ્રકારના જનહિતના મુદ્દાઓ તેમજ જાગૃતિ અભિયાનો માટે પણ કરાશે.

# 50 લાખની લૂંટના સૂત્રધારને લેવા પોલીસ બિહાર પહોંચી

**પ્રોડક્શન** વોરંટ બિહારની કોર્ટમાં રજૂ કરશે, બિહાર પોલીસ કુંદન ભગતને સુરત પહોંચાડશે

સુરતઃ વરાછામાં લંબેહનુમાન રોડ પરની એસબીઆઈમાંથી રોકડા રૂ. 50 લાખની લૂંટ કરનારી ટોળકીના સૂત્રધાર કુંદનકુમાર ઉર્ફે કુંદન ભગતનો કબજો મેળવવા સુરત પોલીસની એક ટીમ બિહાર પહોંચી છે.

આ લૂંટમાં દિવસોની મહેનતના અંતે ક્રાઇમ બ્રાંચની ટીમે શુભમ અને વિકાસને ઉત્તરપ્રદેશના અયોધ્યા અને ગોંડા ખાતેથી પકડી પાડ્યા હતા. જેની તપાસમાં એવી હકીકત સપાટી પર આવી હતી કે બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉર પટનામાં કેદ ખૂંખાર ગુનેગાર કુંદનકુમાર ઉર્ફે કુંદન ભગતે આ ગુનાને અંજામ આપવાનું કાવતરું જેલમાં બેઠા બેઠા ઘડ્યું હતું અને પાર પાડ્યું હતું. જેથી પોલીસે કુંદનકુમાર ઉર્ફે કુંદન ભગતનો કબજો મેળવવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

તપાસનીશ અધિકારી, વરાછાના પોઈ એ.આર. વાળાનો આ બાબતે સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે સુરત કોર્ટમાંથી પ્રોડક્શન વોરંટ મેળવી એક ટીમ બિહાર પહોંચી છે. પ્રોડક્શન વોરંટ એટલે ત્યાંની કોર્ટમાં આ વોરંટ રજૂ કરી કુંદન ભગતનો કબજો સુરત પોલીસને સોંપવાની દાદ માગવામાં આવે છે. બિહારની કોર્ટ આદર્શ સેન્ટ્રલ જેલને આદેશ કરી ત્યાંની પોલીસ સાથે કુંદન ભગતને સુરત પહોંચતો કરવાનો આદેશ કરે ત્યાર બાદ બિહાર પોલીસની ટીમ કુંદન ભગતને લઈ સુરત પહોંચશે. ત્યાર બાદ તેની પૂછપરછ, તપાસ કરી સુરત પોલીસ તેને આદર્શ સેન્ટ્રલ જેલમાં પહોંચતો કરી દેશે.


